કેસ દાખલ તારીખઃ 04/6/2011
રજી. થયા તારીખઃ 04/6/2011
ફેસલ કર્યા તારીખઃ 05/10/2024
સમય ગાળોઃવર્ષ..... માસ..... દિવસ...

અમદાવાદના મહે. ૨૨ માં એડી.ચીફ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૭માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ 1229/2011
આંકઃ

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– રામખિલાડી ઉર્ફે રમેશભાઇ શ્યામલીયા પ્રજાપતિ
રહે – એફ/૩૧, સિધ્ધી વિનાયક કોમ્પલેક્ષ, ન્યુ કોટન ચાર રસ્તા, અમરાઇવાડી, અમદાવાદ.

---

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી કુ. પી. ડી. પંડ્યા
આરોપી તરફે વિ.વ.શ્રી આર. વી. ગુપ્તા

---

ગુનોઃઈ.પી.કો.કલમઃ ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ) મુજબ.

---

– ચુ કા દો –

---

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ છેલ્લા સાત વર્ષથી તા. ૦૬/૩/૧૧ ના સમયગાળા દરમ્યાન નાની નાની બાબતોમા તેમજ મકાન વેચી તેના પૈસાનો હિસાબ માગતા ફરિયાદી સાથે બોલાચાલી કરી, ગંદી ગાળો આપી, ફરિયાદીને શારિરીક માનસિક ત્રાસ આપી, ઈ.પી.કો. કલમ– ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ) મુજબનો ગુનો અમરાઈવાડી પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૯૭/૧૧૧ થી નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૨. આ કામનાં આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સ/વોરંટની બજવણી કરવામાં આવતા, આરોપી નામદાર કોર્ટમાં હાજર ન થતા હોય આંક ૧ લગત ક્રિ. પ્રો. કોડની કલમ ૨૯૯ મુજબ હુકમ કરી આરોપીની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

૩.ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**(એ) મૌખિક પુરાવાઓ.**

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી રૂકમણીબેન રામખેલાડી પ્રજાપતિની જુબાની | ૨ |
| ૦૨ | ફરિયાદ | ૩ |

આ સિવાય ફરીયાદપક્ષે લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

(૪) આ કામે બંને વીએપીપીશ્રીને ફરિયાદપક્ષ તરફે મૌખિક રીતે સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે પુરાવાના અંતે આરોપીની ગેરહાજરીમા કેસની કાર્યવાહી આગળ ચાલેલ હોય આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ છેલ્લા સાત વર્ષથી તા. ૦૬/૩/૧૧ ના સમયગાળા દરમ્યાન નાની નાની બાબતોમા તેમજ મકાન વેચી તેના પૈસાનો હિસાબ માગતા ફરિયાદી સાથે બોલાચાલી કરી, ગંદી ગાળો આપી, ફરિયાદીને શારિરીક માનસિક ત્રાસ આપી, ઈ.પી.કો. કલમ- ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**<u>કારણો</u>**

(૭) આ કામે ઉપરના નિર્ણયો પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છેઃ

આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, આરોપીઓએ બનાવ વખતે બનાવના સમયે આક્ષેપિત ગુનાઓ માટે શું રોલ ભજવ્યો છે ? તે માટે આંક-2 થી ખુદ ભોગ બનનાર ફરીયાદી રૂકમણીબેન રામખેલાડી પ્રજાપતિનાઓનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો વંચાણે લેતાં, તેમાં તેઓ જણાવે છે કે, " બનાવ આશરે તેરેક વર્ષ અગાઉ બનેલો. બનાવમા તેના પતિ સાથે નાની નાની બાબતમાં સામાન્ય બોલાચાલી થતા આવેશમા આવીને હાલની ફરિયાદ આપેલી. આરોપી તેના પતિ થાય છે. તેઓ ઘણા સમયથી કયાક જતા રહેલ છે કયા છે તેની ખબર નથી. "

(૮) કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો તેમજ ભારતિય પુરાવા અધિનિયમ , ૧૮૭૨ ની કલમ - ૧૦૧ તેમજ કલમ - ૧૦૨ ની જોગવાઈ મુજબ ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધના આક્ષેપો નિ:શંકપણે પૂરવાર કરવા જરૂરી છે અને ફરિયાદપક્ષ જયાં સુધી પુરાવાથી આરોપી વિરૂદ્ધના આક્ષેપો પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાની રહે છે. વધુમાં, આરોપી વિરૂદ્ધના આક્ષેપોની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલ છે.

ફોજદારી કેસોમાં પુરાવાનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું રહે છે. દરેક કેસ તે કેસની હકિકતો, પુરાવો, સંજોગો તેમજ ગુણદોષ ઉપર આધારિત હોય છે. કોઈપણ હકિકતની સાબિતી માટે ચોક્કસ સંખ્યામાં સાહેદોનો પુરાવો રજુ થવો જરૂરી નથી. એકમાત્ર વ્યકિત જો વિશ્વસનિય પુરાવો રજુ કરે અને તે પુરાવો વિશ્વાસ પેદા કરતો હોય અને તે પુરાવાનું વ્યાજબી રીતે ખંડન થયેલ ન હોય ત્યારે તે પુરાવા ઉપર વિશ્વાસ રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે. હકિકતે પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે પુરાવાનો જથ્થો. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ તહોમત શંકારહિત, સચોટ અને માનવાલાયક પુરાવાથી સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. શક્યતા કે અટકળો આધારીત ઉભી કરાયેલ શંકાને વ્યાજબી શંકા કહી શકાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષના પુરાવાના આધારે જયારે બે મંતવ્યો પ્રતિપાદિત થતા હોય ત્યારે આરોપીની તરફેણનું મંતવ્ય માનવું જોઇએ. ફોજદારી કેસોમાં ગુણદોષ ઉપરના નિર્ણય સમયે ન્યાયાધિશે સત્ય શોધવાનું કાર્ય કરવાનું હોય છે. કોઈ નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે તેની સાથે સાથે દોષિત વ્યકિત ગુન્હામાંથી છટકી ન જાય તે પણ જોવાનું રહે છે. નાની વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાના છે અને મહત્વનો અને વિશ્વસનિય પુરાવો નજર સમક્ષ રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવે તે સ્વાભાવિક છે પરંતુ જો આવી વિસંગતતાઓ કે વિરોધાભાસો ફરિયાદપક્ષના કેસને મુળમાંથી અસર ન કરતા હોય તો તેની અવગણના કરવાની રહે છે કારણ કે કોઈપણ વ્યકિત કે જે અદાલત સમક્ષ સાહેદ તરીકે પુરાવો રજુ કરવા આવે છે તે દરેકની વર્તણૂંક, સ્મરણશકિત, વિચારવાની કે અવલોકન કરવાની શકિત જુદી જુદી હોય છે અને દરેકને એકસરખી ચોક્કસ યાદદાસ્ત હોય અનેતેઓ ટેપરેકોર્ડરની માફક અક્ષરશઃ પુરાવો રજુ કરે તે જરૂરી નથી. ઉપરોકત સિદ્ધાંતો નજર સમક્ષ રાખી હાલના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું અર્થઘટન કરવામાં આવેલ છે.

(૯) ઉપરોક્ત તમામ હકીકત અને સંજોગો તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક

પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. પ્રસ્તુત કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ખુદ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ આંક-૨ વાળી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં, ફરિયાદપક્ષે આ કામે ક્લોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય સદરહું કામે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીઓને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છું.

## હુકમ

આ કામે આરોપી રામખિલાડી ઉર્ફે રમેશભાઇ શ્યામલીયા પ્રજાપતિ રહે - એફ/૩૧, સિદ્ધી વિનાયક કોમ્પલેક્ષ, ન્યુ કોટન ચાર રસ્તા, અમરાઇવાડી, અમદાવાદ નાઓને તેમની સામેના ઈ.પી.કો. કલમ- ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ) મુજબના ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) સાથે વાંચતા કલમ ૨૯૯ અન્વયે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી ની ગેરહાજરીમાં કેસ ચાલેલ હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા લેવામા આવેલ નથી.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા. ૦૫/૧૦/૨૪.

(વી. આર. ચૌધરી)
૨૨મા એડી.ચીફ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૧૫.